## વડીલોને વંદન અભિનંદન



વિષ્ણુપ્રસાદ હરિલાલ ત્રિવેદી (૧૯૨૩) મો. ૯૯૦૯૯ ૭૮૭૯૧

## ગઢા ગામમાં મા-દીકરી પર હુમલો કરનાર ચાર જણા વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૬

હિંમતનગર તાલુકાના ગઢા ગામમાં નજીવી બાબતમાં ગામના ચાર શખ્સોએ માદિકરીને લાકડી વડે માર મારી અને ઘર આગળ પડેલા વાહનના કાચ તોડી નુકશાન પહોંચાડવાના મામલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં રવિવારે મોડી રાત્રે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ગઢા ગામના ચાર શખ્સો વિરૂધ્ધ ગુનો દર્જ કરીને ઘટના અંગે તપાસ હાથ ધરી છે.

આ અંગે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર ગઢા ગામે રહેતા કૈલાસબાના ખેતરમાં આ ગામમાં જ રહેતા રાજુસિંહ હરિસિંહ ઝાલા, ધર્મેન્દ્રસિંહ મખુસિંહ ઝાલા, જયેન્દ્રસિંહ નવલસિંહ ઝાલા અને કિશનસિંહ અશ્વિનસિંહ ઝાલા રવિવારે મોડી સાંજના ગાળો ભાંડતા આવ્યા હતા અને કૈલાસબા સાથે શીતલબેન અમારા છોકરાને કેમ ગાળો બોલે છે તેમ કહી તકરાર કરી હતી. જેથી ધર્મેન્દ્રસિંહ મખુસિંહ ઝાલાએ અને જયેન્દ્રસિંહ નવલસિંહ ઝાલાએ કૈલાસબાના બંને ખભાઓ પર લાકડીઓ મારી નીચે પાડી દીધા હતા. તે દરમિયાન કૈલાસબાની દિકરી શીતલબેન પણ આવી જતા આ શખ્સોએ તેણીને પણ માર મારી ઘર આગળ પડેલી કારના કાચ તોડી નાખ્યા હતા અને કેરોસીન ઢોળી નાખી નુકશાન પહોંચાડયુ હતું.

ત્યારબાદ ગામના ચારેય શખ્સો દ્વારા કૈલાસબાના પરિવાર પર હુમલો કરી વાહનને નુકશાન પહોંચાડી જાનથી મારવાની ધમકીઓ અપાતા તેમણે ઘટના અંગે રવિવારે મોડી રાત્રે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

## ખેડબ્રહ્મા દેના બેંકમાં એટીએમ કાર્ડ માટે ગ્રાહકોને ધરમધક્કા

ખેડબ્રહ્મા, તા.૬

ખેડબ્રહ્મા નગરમાં દેના બેંક દ્વારા ગ્રાહકોને એટીએમ કાર્ડની સવલત અંતર્ગત એટીએમ કાર્ડ આપવામાં આવે છે. જો એટીએમ કાર્ડમાં કોઈ તકલીફ હોય તો તેને રીજેકટ કરી નવું કાર્ડ પણ બેંક દ્વારા ઈશ્યુ કરવામાં આવે છે. જો કે આ કાર્ડ ચલાવવા પાસવર્ડ માટે ખાનગી પીન નંબરની જરૂર પડે છે. જેની સ્લીપ બેંક દ્વારા સીધી ગ્રાહના હાથમાં જ આપવામાં આવે તેવી વ્યવસ્થા છે પરંતુ કાર્ડ ઈશ્યુ કરાયાના એક મહિના સુધી આ પીન નંબર માટે ગ્રાહકે ધક્કા ખાવા પડે તેવી પરિસ્થિતિ છે. વળી, ગ્રાહક દ્વારા દલીલ કરાય તો તેની સાથે કર્મચારીઓ દ્વારા તુમાખીભર્યુ વર્તન કરાતું હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જો ગ્રાહકે નવું કાર્ડ લેવા જુનું કાર્ડ જમા કરાવ્યું હોય તો નવું કાર્ડ કાલે આવી જશે કહીને વીસેક દિવસ ધક્કા ખવડાવાય છે. અને જુનું કાર્ડ પણ પરત કરાતું નથી. ગ્રાહકોમાં આ બાબતે દેના બેંકના સત્તાવાળાઓ તરફથી યોગ્ય તપાસ કરી ઘટતું કરાય તેવી માંગ ઉઠવા પામી છે.

## તલોદ નજીક ટ્રેકટર અને બાઈક વચ્ચે અકસ્માત : એકનું મોત

### બિલેશ્વર મહાદેવ પાટીયાએ બનેલી ઘટના : ટ્રેકટર ચાલક અકસ્માત સર્જી ફરાર

તલોદ, તા.૬

તલોદ-હરસોલ માર્ગ ઉપરના બિલેશ્વર મહાદેવ પાટીયાએ મુખ્ય માર્ગ ઉપર જઈ રહેલા ટ્રેકટર સાથે મહાદેવ બાજુથી બાઈક ઉપર આવતાં બે સવાર અથડાઈ પડયા હતા. જેમાં લોહીયાળ ઈજાઓ થકી એક વ્યકિતનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. જયારે અન્ય એકને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડાયા છે. ટ્રેકટર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. મૃતકના પુત્ર એ અકસ્માત અંગે તલોદ પોલીસમાં ફરિયાદ કરી છે.

મળેલ વિગતો મુજબ તલોદ નજીકના સુપ્રસિધ્ધ બિલેશ્વર મહાદેવના મહારાજ હર્ષદભાઈ રજનીભાઈ ભટ્ટ તથા દશરથભાઈ ગુલાબભાઈ મીર (ઉ.વ.૪૫)બાઈક નં. જીજે-૯ પીકે-૦૮૪૯ લઈ કામ અર્થે સોમવાર સવારે નવ વાગે નીકળ્યા હતા. દરમિયાન તલોદથી હરસોલ તરફ પૂરપાટ જઈ રહેલા ટ્રેકટર નં. જીજે-૯-એફ ૫૮૮૫ સાથે મુખ્ય માર્ગ ઉપર જ ધડાકાભેર અથડાયા હતા જેમાં ચાલક હર્ષદભાઈ તથા દશરથભાઈ ભારે ઈજાઓ સાથે લોહીયાળ સ્થિતિમાં માર્ગ ઉપર પટકાયા હતા. બાઈક પાછળ બેસેલા દશરથભાઈનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. જયારે ઘટનાની જાણ થતાં જ દોડી આવેલા લોકોએ ૧૦૮ મારફતે બિલેશ્વર મહાદેવના મહારાજ હર્ષદભાઈને વધુ સારવાર અર્થે તલોદ સિવિલમાં ખસેડયા હતા. દરમિયાન ટ્રેકટર ચાલક સીફતપૂર્વક ત્યાંથી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.

બનાવ અંગેની જાણ તલોદ પોલીસને કરાતાં દોડી આવેલી પોલીસે મૃતકના દેહનું પી.એમ. કરી મૃતદેહ સ્વજનોને સોંપ્યો હતો તેમજ સકીલભાઈ દશરથભાઈ મીરની ફરિયાદ અનુસંધાને ગુનો નોંધી બનાવની વિસ્તૃત તપાસ હાથ ધરી છે.

## નવા જિલ્લાઓને આર.ટી.ઓ કોડ નંબરની ફાળવણી

બંદર અને વાહન વ્યવહાર વિભાગના એક જાહેરનામા મુજબ રાજયના ૭ નવા જિલ્લાઓને આર.ટી.ઓ. કોડ નંબરની ફાળવણી કરવામાં આવી છે. જેમાં મોડાસા (અરવલ્લી-) ૩૧, વેરાવળ (ગીર સોમનાથ) - ૩૨, બોટાદ - ૩૩, છોટા ઉદેપુર - ૩૪, લુણાવાડા (મહિસાગર) - ૩૫, મોરબી -૩૬ અને ખંભાળિયા (દેવભૂમિ દ્વારકા) - ૩૭, આર.ટી.ઓ. કોડ નંબરની ફાળવણી કરાઈ છે.

## ખેડબ્રહ્માના ચિત્રોડી ગામે ઝેરી જનાવર કરડતાં આધેડનું મોત

ખેડબ્રહ્મા, તા.૬

ખેડબ્રહ્મા તાલુકાના ચિત્રોડી ગામના લુકાભાઈ બધાભાઈ અંગારી ખેતરમાં કામ કરતા હતા ત્યારે ૯ માર્ચના રોજ ઝેરી જનાવર કરડતા તમને તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે જીવન જયોત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા તેમની તબિયત વધુ બગડતા વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ જયાં ૧૦ માર્ચના રોજ સાંજના મૃત્યુ પામ્યા હતા. જે અંગે શાહીબાગ પોલીસે ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતાં સોમવારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

## મોડાસાના ખુમાપુર ગામે ઘઉંના ઢગલાને આગ લાગતાં સ્વાહા : અંગત અદાવતની આશંકા

મોડાસા, તા. ૬

અવરલ્લી જીલ્લામાં ઘઉંના ખેતરોમાં વિજ તારના તણખલાથી અને અગમ્ય કારણોસર આગ લાગવાની ઘટનાઓમાં વધારો થઈ



રહ્યો છે. ત્યારે રવિવારે રાત્રે ૮ વાગ્યાની આસપાસ મોડાસા તાલુકાના ખુમાપુર ગામની સિમમાં મેશ્વો નદીના કિનારે આવેલા ખેતરમાં લણીને કરેલા ઘઉંના ઢગલાને અગમ્ય કારણોસર આગ લાગતાં ઘઉંનો જથ્થો નાશ પામ્યો હતો. ખેતર માલિકે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ કરી હતી.

મોડાસા તાલુકાના ખુમાપુર ગામના દશરથસિંહ ગંભીરસિંહ જોદ્ધાએ ગામની સિમમાં મેશ્વો નદીના કિનારે આવેલા ખેતરમાં ઘઉંનું વાવેતર કર્યુ હતું. તેમણે ઘઉંના પાકની રવિવાર સવારે ખેતરમાંથી લણણી કરીને પાકનો ઢગલો કર્યો હતો અને થ્રેસર દ્વારા ઘઉં કઢાવવા માટે થ્રેસર માલિકને બોલાવવા જઈને અંદાજે દસેક મિનિટમાં પરત ફર્યા ત્યારે ઘઉંના ઢગલાને લાગેલી ભયાનક આગ જોઈ હિબકાઈ ગયા હતા. તુરંત જ તેમણે બૂમાબૂમ કરતાં આજુબાજુના ગામ લોકો દોડી આવ્યા હતા પરંતુ ઘઉંના ઢગલામાં લાગેલી અગનજવાળાઓ વિકરાળ સ્વરુપ ધારણ કરતા ખેતર માલિક અને ગામ લોકો પણ ઘઉંના ઢગલાને બચાવવામાં નિષ્ફળ રહ્યા હતા. ઘઉંના ઢગલાને લાગેલી અગન જ્વાળાઓએ રોદ્ર સ્વરુપ ધારણ કરતાં અગનજવાળાઓ ૫ કિ.મી. દૂર આવેલા મેઢાસણ ગામમાં જોવા મળતા મેઢાસણ ગામથી લોકો પણ દોડી આવ્યા હતા.

ખેતર માલિક દશરથસિંહના જણાવ્યા મુજબ ઘઉંના ઢગલાંમાં આગ લાગવાની ઘટના ખેતર છોડ્યાના દસ મિનિટની અંદર જ બનતાં કોઈએ અંગત અદાવતમાં અથવા ઈર્ષાની ભાવનાથી આગ લગાડી હોય તેવું જણાઈ રહ્યું છે. ઘઉંમાં લાગેલી આગથી ૧૦૦ મણથી વધારે ઘઉં બળીને ખાખ થઈ જતાં અંદાજે ૪૦ હજાર રૂપિયાથી પણ વધારે નુકશાન થયાનું જણાવ્યું હતું. આગ લાગવાની સત્ય હકીકત જાણવા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી ઊંછે.

## કરાટેની પરીક્ષામાં પ્રાંતિજના બાળકોનો સુંદર દેખાવ

પ્રાંતિજ, તા.૬

તા. ૨૯-૩-૨૦૧૫ને રવિવારના રોજ હિંમતનગર ખાતે રેન્મી ગોજુરીયું એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા સેન્સેઈ હાર્દિક બ્રહ્મભટ્ટના નેજા હેઠળ કરાટેની પરીક્ષા યોજવામાં આવી હતી. પરીક્ષામાં વિદ્યાર્થીઓનું ટેકનીકલ સ્ટાન્ડર્ડ કાતા સ્ટેમિના વિલપાવર કસોટી દ્વારા પરીક્ષાર્થીઓની શારીરિક માનસિક ચપળતા ઝડપ સમય સૂચકતા સમતુલા શ્વાસોશ્વાસ ક્રિયા અને તેના પર નિયંત્રિત કરનાર શકિતની એકાગ્રતા જેવી વિવિધતા ચકાસવામાં આવી હતી. પરીક્ષા આપનાર બાળકોમાં સોની હેત્વીએ (વાઈટ બેલ્ટ)ની પરીક્ષા, પટેલ રિદ્ધિ, સોની આરવ, પરમાર આવિષ્કાર (યલો બેલ્ટ)ની પરીક્ષા, સોની પરિતા (ગ્રીન બેલ્ટ)ની પરીક્ષા, સોની પ્રિયાંશુએ (બ્રાઉન બેલ્ટ)ની પરીક્ષા આપી સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા હતા.

## મોડાસાની સાયન્સ ક્ષેત્રે શિક્ષણ આપતી સંસ્થાના ત્રણ વિદ્યાર્થી જેઈઈની પરીક્ષા આપવામાં રઝળ્યા...!

### મોડાસાની સાયન્સ ક્ષેત્રમાં શિક્ષણ આપતી ખાનગી ક્ષેત્રની શાળામાં બનાવ બન્યો સ્કૂલનું મેનેજમેન્ટ લાખોની ફી ઉઘરાવે છે છતાં વિદ્યાર્થીઓને સાચું માર્ગદર્શન આપતું નથી. જેઈઈની પરીક્ષા બાબતે સંચાલકો લાખો રુપિયા આપી સેલ્ફ ફાઈનાન્સમાં એડમિશન આપવાનું તક્તો ગોઠવી ઈજ્જત બચાવી

મોડાસા, તા. ૬

મોડાસા શહેર આમ તો શિક્ષણની નગરી કહેવાય છે પણ મસમોટા ડોનેશન લઈ ધીકતી કમાણી કરતી મોડાસાની સાયન્સ ક્ષેત્રે શિક્ષણ આપતી એક સંસ્થાના ૩ વિદ્યાર્થી જેઈઈની પરીક્ષા આપવામાં રહી જતા તેમની






કારકિર્દી સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. આ સંસ્થાએ લાખો રુપિયા વાલીઓને આપીને સમગ્ર પ્રકરણ દબાવી દેવાનો પ્રયાસ હાથ ધર્યો છે.

મોડાસા શહેર શિક્ષણનગરી કહેવાતી હતી પણ હવે શિક્ષણના નામે ઉગાડી લૂંટ ચલાવીને ૧૧-૧૨ સાયન્સમાં ખાનગી સ્કૂલો લાખો રૂપિયાની ફી ઉઘરાવીને વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ તો નથી જ આપતા સાથે સાથે વિદ્યાર્થીને માર્ગદર્શન પણ આપવામાં ઊણા ઉતરતા હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ સંસ્થાને પોતાની ઈજ્જતનું નિલામ ન થાય તે માટે વાલીઓને રુપિયા આપીને સમગ્ર કિસ્સો દબાવી દેવાનો પ્રયાસ હાથ ધર્યો છે. આ સનસનીખેજ પ્રાપ્ત વિગત મુજબ મોડાસામાં ૧૨ સાયન્સ ક્ષેત્રે એન્જીનીયરીંગ પ્રવેશ માટેની જેઈઈ એટલે કે જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામના ફોર્મ ભરવામાં આશ્ચર્યજનક રીતે રહીં જતાં વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. નવાઈની વાત તો એ છે કે ૧૨મા ધોરણના બધા જ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાઈ ગયા તો માત્ર ૩ વિદ્યાર્થીઓના જ કેમ રહી ગયા? શું ફી બાકી હતી? તેમની કારકિર્દી બગાડવાની સાજીશ હતી? આ બાબતે વાલીઓના ધ્યાન પર આવતાં આચાર્ય તથા સંચાલકોનો ઉધડો લીધો હતો અને જેઈઈની પરીક્ષાનું ફોર્મ ભરવા માટે બે સંચાલકો દિલ્હી સુધી જઈ આવ્યા પણ સમય પૂરો થતાં દિલ્હીમાં જઈ કઈ નહીં કરી શકતા ખાલી હાથે પાછાં ફર્યા હતા. આ સંચાલકો ખાલી હાથે પણ પાછાં ફરતાં વિદ્યાર્થી-વાલીઓએ આડે હાથે લીધા હતા. અને યોગ્ય માર્ગદર્શનની વાતો હવામાં ફેકી લાખો રુપિયા ઉઘરાવતા સંચાલકોએ આખરે વિદ્યાર્થીને કારકિર્દી ન બગડે તે માટે લાખો રૂપિયાનું ડોનેશન આપીને ખાનગી એન્જીનીયરીંગ સંસ્થામાં એડમીશન કરાવી દેવાની બાંહેધરી આપતાં આખરે મામલો થાળે પડ્યો હતો. આમ વિદ્યાર્થીને કારકિર્દી જોખમમાં મુકાઈ હતી અત્રે નોંધવું ઈચ્છનીય છે કે આ સંસ્થા લાખો રુપિયાના ડોનેશનના બદલામાં સારું શિક્ષણ, હોસ્ટેલ, સુરક્ષા, માર્ગદર્શન આપવાની વાતો કરે છે છતાં યોગ્ય માર્ગદર્શન આપવામાં નિષ્ફળ રહી છે અને પોતાનું ભોપાળું બહાર ન આવે તે માટે વાલીઓને રુપિયા આપી ચૂપ કરી દેવાયા છે જે શરમજનક છે.

રક્તદાન મહાદાન

## શબ્દાવલી - ૫૯૯૩



| આડી ચાવી | |
|---|---|
| ૧. બાજુ, લોકીટ | (૪) |
| ૪. નક્ષત્ર પ્રમાણે નામ જેવા પરથી પાડે તે | (૨) |
| ૬. શાંતિ, ધૈર્ય | (૩) |
| ૮. જંગલ | (૨) |
| ૧૦. 'પયામ' આડુ અવળું થયું છે | (૩) |
| ૧૧. તોફાન, મસ્તી-મજાક | (૪) |
| ૧૩. કાજળ | (૩) |
| ૧૫. નાડી, રગ | (૨) |
| ૧૬. તાડનું પત્તુ, ઝાડુ પ્લાસ્ટીક જેવું કાપડ | (૪) |
| ૧૭. પ્રવાહી | (૪) |
| ૨૦. ધનવાન | (૪) |
| ૨૧. સગુન | (૩) |
| ૨૩. વૃદ્ધાવસ્થા | (૨) |

| ઊભી ચાવી | |
|---|---|
| ૧. શ્રીકૃષ્ણનું બાળસ્વરુપ | (૫) |
| ૨. વહેતુ નહિ તેવું | (૪) |
| ૩. ધીરજ, શાંતિ | (૪) |
| ૫. શિવજી | (૨) |
| ૭. યમ | (૨) |
| ૯. નોરતા | (૪) |
| ૧૨. શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે કરેલ રાસક્રિડા | (૪) |
| ૧૩. કેડ, કમર | (૨) |
| ૧૪. જાપ, રટણ | (૨) |
| ૧૬. ખજુર જેવું ઊંચુ વૃક્ષ | (૨) |
| ૧૮. કામઠુ, ધનુષ | (૩) |
| ૧૯. વસિયત | (૨) |
| ૨૦. નીડ, ઘોંસલા | (૨) |
| ૨૧. શુરવીર | (૨) |
| ૨૨. પાણીની ચકલી | (૨) |

### શબ્દાવલી ૫૯૯૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) પાઘડી (૩) પરિહાસ (૭) વડી (૮) પર્સનાલિટી (૯) ડોયા (૧૦) વસિયત (૧૪) ભારત (૧૫) ઇલા (૧૭) ઓરતા (૧૯) કડકાબાલુસ (૨૨) લકુડી (૨૩) ઓડકાર

**ઊભી ચાવી :-** (૧) પાવડો (૨) ઘડીયાળ (૩) પર્સ (૪) રિના રોય (૫) હાલી (૬) સટીક (૮) પરવર (૧૧) સિત (૧૨) તસ્કર (૧૩) સાઇકલ (૧૬) લાડકુ (૧૭) સાઇકલ (૧૬) લાકડુ (૧૭) ઓસડ (૧૮) તોખાર (૨૦) કાટી (૨૧) લુઓ

## પાલનપુરના કંથારિયા હનુમાનજી મંદિરનો શતાબ્દી મહોત્સવ ઉજવાયો

### ૩૫મી હનુમાન જયંતિ પણ ધામધૂમથી ઉજવાઈ : મારૂતિ યજ્ઞ, મહાઆરતી અને ડાયરાનું આયોજન : મેદની ઉમટી

પાલનપુર, તા.૬

પાલનપુરમાં આવેલ સુપ્રસિધ્ધ કંથારિયા હનુમાનજી મંદિરની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા શતાબ્દી મહોત્સવનું ધમધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે ૩૫મો હનુમાન જયંતિ મહોત્સવ પણ અત્રે ઉજવાયો હતો. આ પ્રસંગે રામનવમીથી પ્રારંભ કરાયેલ શ્રી રામ ચરિત માનસ કથાનું મંદિરના મહંત પૂ. ક્ષિપ્રાગીરી બાપુની વ્યાસપીઠે કરાયું હતું તેમજ વરિષ્ઠ પત્રકાર લેખક ગણપતભાઈ કે. જોષી દ્વારા લિખિત પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. શ્રીરામ ચરિત માનસ કથા પારાયણ દરમિયાન કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરિભાઈ ચૌધરી અને ધારાસભ્ય મહેશભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કંથારિયા હનુમાનજી મંદિરે હનુમાન જયંતિના દિવસે મારૂતિ યજ્ઞ, મહાઆરતી તેમજ સંતવાણી અને લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી લોક સાહીત્યના સુપ્રસિધ્ધ કલાકાર ફરીદા મીર અને હાસ્ય કલાકાર પોપટભાઈ માલધારીએ જમાવટ કરી હતી. આ કાર્યક્રમને માણવા પાલનપુર અને આસપાસના વિસ્તારની જનતા મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. જયારે શ્રી રામચરિત કથામાં ડોડીયાલા-ગોંડલના જયંતિભાઈ મિસ્ત્રીએ વેશભૂષા દ્વારા લોકોને મનોરંજન પરું પાડયું હતું. કથામાં ભગવાન રામના જીવનના પ્રસંગો વણી લેવામાં આવ્યા હતા અને નવી પેઢીને મા બાપની આજ્ઞા પાલન સાથે સેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. રામકથા પારાયણ દરમિયાન કેન્દ્રીય ગૃહ રાજય મંત્રી હરિભાઈ ચૌધરી, ધારાસભ્ય મહેશભાઈ પટેલ, કલેકટર દિલીપ રાણા, એસ.પી. ચિરાગ, કોટડીયા, ડીડીઓ, એચ.કે પટેલ, નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ પઢિયાર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, સુરત તેમજ પંજાબ, દિલ્હી અને વિદેશમાંથી પણ શ્રધ્ધાળુઓ ઉમટયા હતાં. જેમાં લંડનના વેમ્બલીથી હરદાન ગઢવી, આફ્રિકાથી દેવજી ડભાસીયા, લંડનથી ખીમજી વિરાણી અને આફ્રિકાથી વાલજી કેરાઈનો સમાવેશ થાય છે.

## ડીસા તાલુકા પેન્શનર્સ એસોશીએશન દ્વારા પેન્શન દિનની ઉજવણી

ડીસા, તા. ૬

આજરોજ ડીસા તાલુકા પેન્શનર્સ એસોશીએશન ના સભાસદો નો સાધારણ સભા લાયન્સ હોલ ડીસા ખાતે યોજાઈ હતી, જેમાં એજન્ડા મુજબ ની કામગીરી હાથ ધરવામાં આવી હતી, આ સાધારણ સભામાં મોટી સંખ્યામાં પેન્શનરો હાજર રહ્યા હતા. ડીસા લાયન્સ કલબ ખાતે આજે ડીસા તાલુકા પેન્શનર્સ એસોશીએશન ની સને ૨૦૧૪ ની વાર્ષિક સાધારણ સભા તથા ૧૪ માં પેન્શન દિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં મુખ્ય મહેમાન પડે રાજય પેન્શન સમાજ અમદાવાદ અને બનાસકાંઠા પેન્શન એસોશીએશન પ્રમુખ એસ.એસ. વાઘેલા હાજર રહ્યા હતા જયારે સમારોહના ઉદ્ઘાટક તરીકે ડો. મનોજ અમીન, ડો.યોગેશ સ્વામી, તેમજ સમારોહ ના અધ્યક્ષ નાગરભાઈ પરમાર હાજર રહ્યા હતા.

આ સાધારણ સભામાં વયોવૃદ્ધ સભ્યશ્રીઓંનું ફૂલહાર તેમજ શાલ ઓઢાંડી બહુમાન કરાયું હતું તેમજ તેજસ્વી તારલાઓનું બહુમાન કરાયું હતું, જયારે સભામાં સંસ્થાના અહેવાલો નું વિશેષ વિગત દર્શન કરાયું હતું, જેમાં તમામ પેન્શનરો ને સરકાર તરફ થી મળતી સહાય અને અન્ય કામોમાં કોઈ અગવડ કે પ્રશ્ન હોય તો એસોશીએશન તે અસરકારક રજૂઆત થી તેનો ન્યાયિક નિકાલ લાવશે તેવું વરિષ્ઠ સભ્ય વર્ધીચન્દભાઈ જોશી એ જણાવ્યું હતું , આ પેન્શન દિન ની ઉજવણી માં સમગ્ર ડીસા તાલુકાના પેન્શનરો જોડાયા હતા

## ૧૨મીએ ખાસ કેમ્પ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નંબર'ની નોંધ પણ બીએલઓ રજીસ્ટરમાં કરશે. આ ઉપરાંત જો ૧-૧-૨૦૧૫ની લાયકાતની તારીખે કોઈ લાયક નાગરિકનું નામ મતદાર યાદીમાં નોંધાયેલ ના હોય તો ફોર્મ નં.૬ ભરાવીને જરૂરી આધાર પુરાવા સાથે બીએલઓ દ્વારા તે પરત મેળવવામાં આવશે.

આ ખાસ કેમ્પની કાર્યવાહી બાદ બીઓલ દ્વારા તા. ૧૬-૪-૨૦૧૫ થી ૧૫-૬-૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન મતદારનાં ઘરની મુલાકાત લેવામાં આવશે. જે દરમિયાન બીએલઓ રજિસ્ટરની વિગતોની મતદાર પાસેથી ચકાસણી કરવામાં આવશે તથા આધાર નંબર સહિતની અન્ય વિગતો મેળવવામાં આવશે.

આ ખાસ કાર્યક્રમ દરમિયાન મતદાર યાદીમાં નોંધાયેલ મતદારો કે જેમણે આધાર કાર્ડ મેળવેલ છે તેઓ પોતાનો આધાર નંબર અચૂકપણે નોંધાવે તેવા પ્રયત્નો ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી રહ્યા છે. વધુ વિગતો માટે ચૂંટણી પંચની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર લોગઓન કરીને માહિતી મેળવી શકાશે.

મતદાર યાદીઓ ક્ષતિરહિત અને સંપૂર્ણ બને તે માટે ચૂંટણી તંત્રને સહકાર આપવા જાહેર જનતાને વિનંતી કરવામાં આવી છે.

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

## અટક બદલેલ છે

મારી જુની અટક પરમાર કેયુર વિનુભાઈ હતી તે બદલીને મારી નવી અટક શાહ કેયુર વિનુભાઈ છે.
પ્લોટ નં. ૫૪/૨, સેક્ટર-૧૪, ગાંધીનગર